સુરતમાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ

સરકારી જમીનના દબાણો હટાવવા આદેશ

જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધીની અધ્યક્ષતામાં પ્રજાહિતના મુદ્દાઓ પર વ્યાપક ચર્ચા

સુરતઃ જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધીની અધ્યક્ષતામાં કલેક્ટરાલયના સભાખંડમાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની યોજાયેલી બેઠકમાં સરકારી જમીન પરના ગેરકાયદે ઝીંગા તળાવો સહિતના દબાણો દૂર કરવા કડક અમલીકરણ કરવાની સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી.

આ બેઠકમાં વિવિધ વિભાગોના અમલીકરણ અધિકારીઓ તેમજ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. બેઠક દરમિયાન પ્રજાહિતને સ્પર્શતા વિવિધ પ્રશ્નો પર વિસ્તૃત ચર્ચા કરીને સમયસર નિરાકરણ લાવવાની દિશામાં સૂચનાઓ આપવામાં આવી હતી. ઓલપાજ ધારાસભ્ય મુકેશ પટેલની રજૂઆત બાદ ઓલપાડ તાલુકાના અટોદરા, બરબોધન, કાસલા બુજરંગ અને મંદરોઈ ગામોમાં સરકારી જમીન પર થયેલા દબાણો દૂર કરવા પોલીસ બંદોબસ્ત સાથે કાર્યવાહી કરવાનો આદેશ આપવામાં આવ્યો. બરબોધન તળાવ નજીકના દબાણોને લઈ ગ્રામ પંચાયત દ્વારા નોટિસ આપવામાં આવી હોવાનું મામલતદારે જણાવ્યું હતું. કલેક્ટરે સ્પષ્ટ કર્યું કે કુદરતી જળસ્ત્રોતો અને સરકારી સંપત્તિનું રક્ષણ પ્રાથમિકતા રહેશે. દરમિયાન જિલ્લા કલેક્ટરે જિલ્લાના તમામ ગામોમાં આવેલી સરકારી મિલકતોની જમીનો ૭/૧૨ ઉતારામાં સરકારી ચોપડે નોંધાયેલ છે કે નહીં તેની વિગતવાર તપાસણી કરવાની કડક સૂચના આપી હતી. જ્યાં નોંધણી બાકી હોય ત્યાં તાત્કાલિક કાર્યવાહી પૂર્ણ કરવા જણાવ્યું હતું. આ પગલાંનો મુખ્ય હેતુ સરકારી જમીનોના રેકોર્ડને પારદર્શક બનાવવાનો અને ભવિષ્યમાં કોઈ વિવાદ ટાળવાનો છે.

શાળાઓના બાંધકામમાં વિલંબ : મુકેશ પટેલ

ઓલપાડ ધારાસભ્ય મુકેશ પટેલે તાલુકાની અનેક પ્રાથમિક શાળાઓના બાંધકામ માટે મંજૂરી મળ્યા છતાં લાંબા સમયથી કામ શરૂ ન થવા અંગે પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો. આ મુદ્દે જિલ્લા કલેક્ટરે ગંભીર નોંધ લીધી હતી. તેમણે સંબંધિત અધિકારીઓને બાંધકામમાં બેદરકારી દાખવનાર કોન્ટ્રાકટરો સામે કડક કાર્યવાહી કરી, જરૂર પડે તો તેમને બ્લેક લિસ્ટ કરવા તાકીદ કરી હતી. જિલ્લાની તમામ પ્રાથમિક શાળાઓમાં ચાલી રહેલા બાંધકામના કામોની હાલની સ્થિતિ અંગે વિગતવાર અહેવાલ તૈયાર કરી રજૂ કરવા મામલતદારોને સૂચના આપવામાં આવી હતી.

ખાડીના દબાણો દૂર કરવાની જવાબદારી મ્યુનિ. કમિ.ની અને મેયરની કલેક્ટરને રજૂઆત

ગયા વર્ષે મેરેથોન બેઠકો બાદ જવાબદારી મનપા કમિશનરની નક્કી કરી દબાણો દૂર કરવાનું પણ શરૂ કરાયું હતું

મૂળ કારણ ખાડીના દબાણો, છતાં મુદ્દો ફરી પ્રારંભિક સ્તરે લાવી તંત્રની અંદરની ગૂંચવણ છતી થઈ?

સુરતઃ સુરત જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને મળી હતી. બેઠક દરમિયાન શહેરના ખાડી વિસ્તારોમાં ચોમાસા દરમ્યાન સર્જાતી પૂર પરિસ્થિતિ ફરી ન સર્જાય તે મુદ્દે સુરત શહેરના મેયર દક્ષેશ માવાણીએ રજૂઆત કરી હતી. પરંતુ આ રજૂઆતને લઈ રાજકીય અને પ્રશાસકીય વર્તુળોમાં એક ગંભીર સવાલ ઊભો થયો છે. જ્યારે આ સમગ્ર મુદ્દાની જવાબદારી ગયા વર્ષે જ સુરત મહાનગરપાલિકા કમિશનરને સોંપાઈ ચૂકી છે, ત્યારે મેયરે ફરીથી કલેક્ટર સમક્ષ મુદ્દો કેમ ઉઠાવ્યો? તે વાત ચોતરફ ચર્ચાનો મુદ્દો બન્યો છે.

ગયા ચોમાસામાં ખાડી પૂર મુદ્દે ભારે હોબાળો મચ્યો હતો. મહાનગરપાલિકાના પાપે ખાડી કિનારે ગેરકાયદે બાંધકામો ખડકાઇ ગયા હતા. જેને કારણે ખાડીના પાણીના વહેણ અવરોધાઇ ગયા હતા. આ અંગે ગયા વરસે ભારે હોબાળો મચેલો. આ મામલે સતત બેઠકો અને ચર્ચાઓ બાદ અંતે સ્પષ્ટપણે નક્કી કરવામાં આવ્યું હતું કે ખાડી પરના ગેરકાયદે દબાણો દૂર કરવાની સંપૂર્ણ જવાબદારી સુરત મહાનગરપાલિકા કમિશનરની રહેશે. મનપા કમિશનરની અધ્યક્ષતામાં ખાસ કમિટી રચાઇ હતી અને દબાણો દૂર કરવા આદેશો પણ આપવામાં આવ્યા હતા. શરૂઆતના દિવસોમાં કામગીરી પણ શરૂ થઈ હતી, પરંતુ થોડા દિવસો બાદ તે ગતિ ધીમી પડી અને અંતે લગભગ ઠપ્પ થઈ ગઈ. સરવે અને નિષ્ણાતોના અભ્યાસમાં સ્પષ્ટ થયું હતું કે ખાડીનું સાંકળી જવું અને ગેરકાયદે દબાણો જ પૂરની પરિસ્થિતિનું મુખ્ય કારણ છે.

છતાં આજે પણ એ જ મુદ્દો ફરી કલેક્ટર સમક્ષ રજૂ થવો એ તંત્રની અંદરની ગૂંચવણ અને જવાબદારીના અભાવ તરફ ઈશારો કરે છે. ઝીંગા તળાવો દૂર કરવાના મુદ્દાની સાથે વધુ જરૂરી છે ખાડીઓનો સ્વાભાવિક વહેણ જાળવવો, જે મહાનગરપાલિકાની સીધી જવાબદારી છે.

ચોમાસું બારણે, પણ તંત્રમાં સ્પષ્ટતા ગાયબ

ચોમાસું નજીક આવી રહ્યું છે. શહેરવાસીઓ ફરી એકવાર પૂરની ભીતિ સાથે જીવી રહ્યા છે. પરંતુ જવાબદારી કોની અને કાર્યવાહી કોણ કરશે, એ મુદ્દે હજુ પણ સ્પષ્ટતા દેખાતી નથી. જો ગયા વર્ષે નક્કી કરેલી કમિટી અને આદેશોનો કડક અમલ થયો હોત, તો આજે ફરી કલેક્ટર સમક્ષ રજૂઆત કરવાની જરૂર ન પડતી. શહેર હવે નિવેદનો નહીં, પરંતુ સ્પષ્ટ જવાબદારી અને દૃઢ અમલની રાહ જોઈ રહ્યું છે.

ભેદવાડ ખાડી પરના દબાણો દૂર કરવા મનપા અને જીઆઈડીસીને સૂચના

ધારાસભ્ય મનુભાઈ પટેલે તેમના વિસ્તારની જી.આઈ.ડી.સી. વિસ્તારમાંથી પસાર થતી ભેદવાડ ખાડી પર થયેલા ગેરકાયદે દબાણો દૂર કરવાની માંગણી કરી હતી. ઉપરાંત ખાડીથી નક્કી કરાયેલા અંતર મુજબ જ બાંધકામોને મંજૂરી આપવામાં આવે તે બાબતે પણ રજૂઆત કરી હતી. આ સંદર્ભે જી.આઈ.ડી.સી.ના અધિકારીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે ખાડી વિસ્તારમાં માપણી અને સરવે કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. જિલ્લા કલેક્ટરે જી.આઈ.ડી.સી. અને મહાનગરપાલિકાના અધિકારીઓને પરસ્પર સંકલન સાધી તાત્કાલિક દબાણો દૂર કરવા તથા નિયમો મુજબ કાર્યવાહી કરવા સ્પષ્ટ સૂચના આપી હતી.

રાજ્યની એક માત્ર વુમન પોસ્ટ ઓફિસ બંધ નહીં કરવા અરવિંદ રાણાની રજૂઆત

ધારાસભ્ય અરવિંદ રાણાએ ઝાંપાબજાર વિસ્તારમાં કાર્યરત ગુજરાતની એકમાત્ર મહિલા કર્મચારીઓ દ્વારા સંચાલિત વુમન પોસ્ટ ઓફિસને બંધ ન કરવામાં આવે તેવી રજૂઆત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે આ પોસ્ટ ઓફિસ માત્ર સેવાકીય જ નહીં પરંતુ મહિલાઓના સશક્તિકરણનું પ્રતીક પણ છે, તેથી તેનું વિલીનીકરણ અથવા બંધ થવું યોગ્ય નથી. આ સંદર્ભે જિલ્લા કલેક્ટરે સિનિયર સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોસ્ટ ઓફિસિસને જરૂરી અભિપ્રાય અને વિગતવાર નોંધ મોકલવા કાર્યવાહી હાથ ધરવા સૂચના આપી હતી. પોસ્ટ ઓફિસનું વિલીનીકરણ ન થાય અને હાલની જેમ કાર્યરત રહે તે માટે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવામાં આવશે તેમ તેમણે સ્પષ્ટ કર્યું હતું. અશાંતધારા હેઠળ જાહેર કરાયેલા વિસ્તારોમાં મિલકતોની ખોટી અથવા ગેરરીતિપૂર્વક તબદીલી ન થાય તે માટે કડક દેખરેખ રાખવાની માંગણી પણ કરી હતી. આ બાબતે જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે પોલીસ કમિશનર સાથે ચર્ચા કરી કાનૂની જોગવાઈઓનું પાલન થાય અને ગેરરીતિ અટકાવવામાં આવે તે માટે યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

પુરવઠાના બોગસ સોફ્ટવેર પણ સુરતની રેશનિંગની દુકાનોમાં એક્ટિવ

રાહુલ નામના વ્યકિતએ પાટનગરથી લઇ દક્ષિણ ગુજરાતમાં સેકડો દુકાનોમાં બોગસ સોફ્ટવેર આપ્યા

સુરતઃ સુરત શહેરની રેશનિંગની દુકાનોમાં ચાલી રહેલી અનાજની કાળાબજારી વચ્ચે નવો ઘટસ્ફોટ થયો છે. રાહુલ નામના દલાલે ગુજરાત સરકારના સપ્લાય ડિપાર્ટમેન્ટનું બોગસ સોફ્ટવેર બનાવી સેકડો દુકાનોમાં ઇન્સ્ટોલ કરી દીધા હોવાનું જાણવા મળે છે.

સુરત શહેરમાં લાંબાસમયથી પુરવઠા વિભાગમાં કરપ્ટ કર્મચારીઓના પાપે ગરીબોના હક્કનું અનાજ કાળાબજારીમાં વેચાઇ રહ્યું છે. સુરત શહેરમાં સસ્તા અનાજની રેશનિંગની દુકાનોમાં ગરીબોને હક્કનું અનાજ આપવામાં ધક્કા ખવડાવવામાં આવે છે. તેમનું અનાજ બોગસ સોફ્ટવેરના આધારે બારોબાર કાળાબજારમાં જઇ રહ્યું છે. સુરતના કતારગામ વિસ્તારની કે-40 નંબરની દુકાનમાંથી રેશનિંગના અનાજની ગેરરીતિ બહાર આવ્યા બાદ વધુ તપાસ કરતાં ચોકાવનારી વિગતો બહાર આવી છે. ગુજરાત સરકાર ઇ-ગર્વનન્સનો ઢંઢરો પીટે છે, તો બીજી તરફ રાજ્ય સરકારના ઇ-ગર્વનન્સના પુરવઠા વિભાગમાં સરાજાહેર ધજાગરા ઉડતા જોવા મળ્યા છે. કહેવાય છે સુરતમાં રેશનિંગની દુકાનોમાં બારોબાર વેચી દેવામાં માહેર સિન્ડીકેટ લોબીએ સરકારના બોગસ સોફ્ટવેર પણ બનાવી દીધા છે. રાહુલ ખટિક નામના વ્યકિત સામે અગાઉ પણ આ અંગે ફરિયાદો ઊઠી હતી. પરંતુ તેની સાથે સરકારના કેટલાંક કરપ્ટ ઓફિસર મળેલા હોવાથી રાહુલનો આજદિન સુધી વાળ સુધ્ધાં વાંકો થયો નથી. કહેવાય છે કે રાહુલ ખટિકએ સુરતમાં એકસોથી વધારે દુકાનોમાં ગુજરાત સરકારના સપ્લાય ડિપાર્ટમેન્ટનું પાયરેટેડ સોફ્ટવેર બનાવ્યુ છે. જેમાં એવી ટેકનીકલ કરતબ કરાઇ છે કે રેશનકાર્ડ હોલ્ડરના થમ્બ ઇમ્પ્રેશનની જરૂર પડતી નથી. તેના આધારે દરમહિને લાખ્ખો ટન અનાજ રાઇસમીલ અને ફ્લોરમીલમાં જઇ રહયુ છે.સરકાર તટસ્થ રીતે આ મામલે તપાસ કરે તો ઘણી સ્ફોટક વિગતો બહાર આવી શકે તેમ છે.રાહુલ ખટિકએ સુરત સહિત સમસ્ત દક્ષિણ ગુજરાતભરમાં અનેક દુકાનોમાં બોગસ સોફ્ટવેર એકિટીવેટ કરી નાંખ્યા છે. આ અંગે પૂછપરછ કરતાં રાહુલ ખટિકે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે તેની પાસે એક પણ દુકાન નથી. 2017માં જે વિવાદ થયો હતો તે બાદ રાજસ્થાન શિફ્ટ થઈ ગયો છે, અને હાલ રાજસ્થાનમાં પથ્થરનો વ્યવસાય કરે છે. જો કે તેનો આ ખુલાસો કેટલો સાચો છે કે તે આગામી દિવસોમાં સ્પષ્ટ થશે. એના ટેલિફોન લોકેશન અને કોલ ડિટેઈલ્સથી ઘણી હકીકતો બહાર આવી શકે તેમ છે.

રાહુલ ખટિક સામે એક ધારાસભ્યએ પણ પાટનગરમાં ફરિયાદ કરી પણ વાત દબાઇ ગઇ!

સુરત શહેરની સસ્તા અનાજની રેશનિંગની દુકાનોમાંથી અનાજ ચોરી કાળાબજારમાં વેચતી ગેંગ સાથે જૂનાગામ અને સચિન ગોડાઉનના કેટલાંક અધિકારીઓ પણ મળેલા છે. તેમન નિયમિત લાખ્ખો રૂપિયાના હપ્તા પહોંચાડી સરકારી અનાજ બહાર સગેવગે થઇ રહ્યું છે. આ અંગે અગાઉ રાહુલ ખટિક સામે એક વિધાયકએ પોતે પાટનગરમાં લેખિત ફરિયાદ કરી હતી. પરંતુ પાટનગરમાં બેસેલા કેટલાંક કરપ્ટ કર્મચારીઓએ ટોપ લેવલના બ્યુરોક્રેટસ સુધી આ ફરિયાદ પહોંચવા દીધી નહોતી. કહેવાય છે કે રાહુલ ખટિકના દરમહિને પાટનગર પહોંચતા વજનદાર કવરને લીધે ધારાસભ્યની ફરિયાદનું કુંદીયું પણ ઉપજ્યું નહોતું.

રાહુલ ખટિક સાગમટે ૪ દુકાન સંભાળતો હોવા સાથે ચોકથી એક દુકાનને કતારગામ લાવવાની ફિરાકમાં

રેશનિંગ પરવાનેદારોને રૂપિયાને જોરે ખરીદી લઇ દુકાનો ચલાવનાર રાહુલ ખટિક મોટી માયા છે. રાહુલ ખટિક હાલ સુરતમાં કેટલાંક અધિકારીઓના આશિર્વાદથી ૪ દુકાનનો ચાર્જ સંભાળે છે. રાહુલ ખટિક ચોક બજારથી એક દુકાનનો કતારગામમાં લઇ જવા માટે તજવીજ શરૂ કરી છે, કહેવાય છે મામલતદાર કચેરીમાં દોઢથી બે લાખના વહેવાર કરી દુકાનોનો ચાર્જ ફેરફાર કરી આપવામાં આવે છે. જેનો રાહુલ જબરદસ્ત ઉપયોગ કરી સરકારી અનાજ હજમ કરી રહ્યો છે.

કે-40 દુકાનનો ચાર્જ અન્ય દુકાનને ફેરવી દેવા કાગળો શરૂ

કતારગામની કે-40 નામની દુકાનમાંથી બહાર આવેલી અનાજની ગેરરીતિને લઇને કતારગામ મામલતદાર દિનેશ ગામીતે કાર્યવાહી શરૂ કરી છે. તેમને આ દુકાનનું શટર પાડી ચાર્જ નજીકની દુકાનમાં આપવા માટે તજવીજ શરૂ કરી છે. આ અંગે પુરવઠા અધિકારીને ફાઇલ પણ મોકલી દેવાઇ છે. પુરવઠા અધિકારીના ડાયરેક્શન બાદ આ દુકાન સામે કડક કારવાઇ કરી ચાર્જ નજીકની દુકાનમાં શિફ્ટ કરી દેવાશે.

અંકલેશ્વરમાં બાંગ્લાદેશી મહિલાઓની તસ્કરીનું મસમોટું નેટવર્ક પકડાયું

માનવ તસ્કરીના રેકેટમાં ચોંકાવનારા ખુલાસાઃ 49 મહિલાઓ સહિત 70 બાંગ્લાદેશીઓ ભારતમાં ગેરકાયદેસર ઘૂસ્યા

ભરૂચઃ અંકલેશ્વરમાં બાંગ્લાદેશી મહિલાઓને ગેરકાયદેસર રીતે ભારતમાં લાવી દેહવ્યાપારમાં ધકેલવાના મસમોટા કૌભાંડમાં પોલીસની તપાસ દરમિયાન અનેક ચોંકાવનારા નવા ખુલાસા થયા છે. ભરૂચ પોલીસ દ્વારા આ માનવ તસ્કરીના નેટવર્કનો પર્દાફાસ કરવામાં આવ્યા બાદ વિશેષ તપાસ ટીમ (SIT) દ્વારા આ મામલે અત્યંત સઘન તપાસ ચલાવવામાં આવી રહી છે. અંકલેશ્વરમાં કરવામાં આવેલા શરૂઆતી દરોડા દરમિયાન પોલીસે દેહવ્યાપારના નરકાગારમાં ફસાયેલી 12 બાંગ્લાદેશી મહિલાઓને મુક્ત કરાવી હતી. આ મહિલાઓને હાલ સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવી છે અને તેમની કાઉન્સેલિંગ તથા કાનૂની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ ગંભીર ઘટના બાદ રચાયેલી SIT દ્વારા છેલ્લા બે મહિના દરમિયાન કરવામાં આવેલી ઝીણવટભરી તપાસમાં અત્યાર સુધીમાં કુલ 70 જેટલા બાંગ્લાદેશી નાગરિકોની ઓળખ કરવામાં આવી છે, જેમાં 49 મહિલાઓનો સમાવેશ થાય છે.

SITના વડા અને અંકલેશ્વર DYSP કુશલ ઓઝાએ આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે આ આખા કૌભાંડના મૂળ સુધી પહોંચવા અને માનવ તસ્કરીના આ જાળને સંપૂર્ણપણે નાબૂદ કરવા માટે પોલીસ દ્વારા હજુ પણ વધુ દરોડા અને પૂછપરછનો દોર ચાલુ રાખવામાં આવ્યો છે. ભરૂચ જિલ્લામાં 13/1/2025 ના રોજ ઈમોરલ ટ્રાફિકિંગ અને આઈપીસી (હવે BNS) ની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં શરૂઆતમાં 11 જેટલી બાંગ્લાદેશી મહિલાઓને રેસ્ક્યુ કરવામાં આવી હતી અને ચાર આરોપીઓ સામે ગુનો નોંધાયો હતો, જેમાં એક બાંગ્લાદેશી અને ત્રણ ભારતીય સામેલ હતા. ત્યારબાદ આ કેસની ગંભીરતા જોતા તેમાં ઈમિગ્રેશન અને ફોરેનર્સ એક્ટની કલમોનો પણ ઉમેરો કરવામાં આવ્યો હતો. ભરૂચ જિલ્લા એસપી દ્વારા આ કેસના સુપરવિઝન માટે રચાયેલી SITની કામગીરીના ભાગરૂપે અત્યાર સુધીમાં કુલ 70 જેટલા બાંગ્લાદેશી લોકોને આઈડેન્ટિફાય કરવામાં આવ્યા છે. જે પૈકી SIT દ્વારા 58 લોકોને રેસ્ક્યુ કરવામાં આવ્યા છે, જેમાં 49 મહિલાઓ અને 9 પુરુષોનો સમાવેશ થાય છે. આ લોકો કોઈ પ્રકારની મોટી નાણાકીય લેવડદેવડ કે અન્ય કોઈ દેશવિરોધી ગેરકાનૂની પ્રવૃત્તિમાં સામેલ છે કે કેમ અને તેમનું નેટવર્ક કેટલું ઊંડું છે તે બાબતે સઘન તપાસ ચાલી રહી છે. SITની ટીમની તપાસનો વ્યાપ આખા ગુજરાત અને ગુજરાત બહારના વિસ્તારો સુધી લંબાયો છે. પ્રાથમિક તપાસમાં એવું પણ ધ્યાનમાં આવ્યું છે કે તેઓ અલગ-અલગ કામની શોધમાં ગેરકાનૂની રીતે ભારતમાં પ્રવેશતા હોય છે અને પછીથી આવા ગુનાહિત નેટવર્કનો શિકાર બને છે. હાલમાં કેટલાક આરોપીઓ હજુ પણ નાસતા ફરે છે, જેમને પકડવા માટે પોલીસ દ્વારા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

21થી 23 ફેબ્રુએ બોઇસર અને પાલઘર વચ્ચે બ્લોક

સુરત : પશ્ચિમ રેલવે 21/22 ફેબ્રુઆરી અને 22/23 ફેબ્રુઆરી, 2026 ની મધ્યરાત્રિએ બોઇસર અને પાલઘર સ્ટેશનો વચ્ચે ટ્રાફિક બ્લોક લાદશે, કારણ કે આરએચ ગર્ડર લોન્ચિંગ કાર્ય ચાલી રહ્યું છે. આ કાર્ય ઘણી લોકલ અને મેઇલ/એક્સપ્રેસ ટ્રેનોના સંચાલનને અસર કરશે. પશ્ચિમ રેલ્વેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકના જણાવ્યા અનુસાર, 21/22 ફેબ્રુઆરીની રાત્રે અપ અને ડાઉન બંને લાઇન પર રાત્રે 11:15 થી 2:45 વાગ્યા સુધી બ્લોક રહેશે. ડાઉન લાઇન પર, 22/23 ફેબ્રુઆરીની મધ્યરાત્રિએ 19425 બોરીવલી-નંદુરબાર એક્સપ્રેસ 25 મિનિટ, 12298 પુણે-અમદાવાદ એક્સપ્રેસ 1 કલાક અને 22923 બાંદ્રા ટર્મિનસ-જામનગર એક્સપ્રેસ 50 મિનિટ મોડી પડશે. જ્યારે, 22 ફેબ્રુઆરીથી દોડતી 19003 દાદર-ભુસાવલ એક્સપ્રેસ અને 19019 બાંદ્રા ટર્મિનસ-હરિદ્વાર એક્સપ્રેસ દરેક 40 મિનિટ મોડી રહેશે.

ડાંગ જિલ્લામાં બીજા દિવસે વાદળછાયું વાતાવરણ છવાયું

રવિ પાક, સ્ટ્રોબેરી અને ખાસ કરીને કેરીના પાકને મોટું નુકસાન થવાની શક્યતાથી ખેડૂતો ચિંતામાં

સાપુતારાઃ ડાંગ જિલ્લામાં સતત બીજા દિવસે આકાશમાં કાળા ડિબાંગ વાદળોની જમાવટ જોવા મળી હતી, જેના કારણે દિવસ દરમિયાન પણ સંધ્યાકાળ જેવો નજારો જોવા મળ્યો હતો. સામાન્ય રીતે ફેબ્રુઆરીના આ દિવસોમાં ઉનાળાના આગમનની છડી પોકારતા તાપનો અનુભવ થતો હોય છે, પરંતુ તેના બદલે ચોમાસા જેવું વાતાવરણ સર્જાતા સ્થાનિક લોકોમાં ભારે આશ્ચર્ય અને કુતૂહલ જોવા મળી રહ્યું છે.

વહેલી સવારથી જ આહવા, સુબિર, વઘઈ અને ગિરિમથક સાપુતારાના ડુંગરાળ વિસ્તારો વાદળોની ચાદર નીચે ઢંકાયેલા રહ્યા હતા, જેના કારણે વાતાવરણમાં શીતલ લહેર પ્રસરી ગઈ હતી અને તાપમાનનો પારો નીચે ઉતરતા ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. આ બદલાયેલા હવામાનની સૌથી ગંભીર અસર ખેતીવાડી ક્ષેત્ર પર પડવાની ભીતિ સેવાઈ રહી છે. ડાંગ જિલ્લાના અંતરિયાળ ગામડાઓના ખેડૂતો અત્યારે ભારે ચિંતામાં મુકાયા છે, કારણ કે વાદળછાયા વાતાવરણને લીધે રવિ પાક અને ખાસ કરીને કેરીના પાકને મોટું નુકસાન થવાની શક્યતા છે.

MD-MS માટે ચોથા ઓનલાઈન સ્ટ્રે વેકેન્સી રાઉન્ડનું મેરિટ જાહેર

ગાંધીનગરઃ શૈક્ષણિક વર્ષ 2025-26 માટે MD, MS, Diploma, DNB (In-Service) મેડિકલ કોર્સોમાં પ્રવેશ માટે ચોથા ઓનલાઈન સ્ટ્રે વેકેન્સી રાઉન્ડની મેરિટ લિસ્ટ જાહેર કરવામાં આવ્યું છે. સાથે જ ચોઈસ ફિલિંગનો પ્રારંભ થયો છે.

પ્રવેશ સમિતિ દ્વારા પીન ખરીદી, રજિસ્ટ્રેશન તથા ડોક્યુમેન્ટ વેરિફિકેશન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. ચકાસણી પૂર્ણ થયા બાદ કુલ 1,725 ઉમેદવારને મેરિટ લિસ્ટમાં સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં 158 નવા ઉમેદવારોનો સમાવેશ થાય છે. મેરિટ યાદી જાહેર થતાં આજથી ચોથા ઓનલાઈન સ્ટ્રે વેકેન્સી રાઉન્ડ માટે ચોઈસ ફિલિંગ પ્રક્રિયા શરૂ કરી છે. ઉમેદવારો 24મી ફેબ્રુઆરી 2026 સવારે 10:00 વાગ્યા સુધી પોતાની ચોઈસ ભરી શકશે. જ્યારે ભરેલી ચોઈસ બપોરે 1:00 વાગ્યા સુધી જોઈ શકાશે.

અનુસંધાન ... પાના છેલ્લાનું

તુષાર ઘેલાણીને...

ભદોરિયાએ હોબાળો કરવાની પણ ધમકી આપી હતી, આથી તુષાર ઘેલાણીએ બદનામી થવાના ડરને કારણે આપઘાત કર્યાનું બહાર આવ્યું છે. આત્મહત્યાના પ્રયાસ પછી તુષારભાઈને મહાવીર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને ૦૫/૦૨/૨૦૨૬ના તેમનું અવસાન થયું હતું. આ મામલે મુળ યુપીની પૂનમ બ્રીજમોહનસિંગ ભદોરિયા વિરુદ્ધ ઉમરા પોલીસે બી.એન.એસ. (BNS) કલમ ૧૦૮ અને ૩૦૮(૨) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

તુષાર મારો...

અમે ખૂબ આનંદથી તૈયારીઓ કરી રહ્યા હતા. 1 ફેબ્રુઆરીએ લગ્નની કંકોત્રીનું લેખન રાખેલ હતું. ૩૧મી જાન્યુઆરીએ હું અને મારા પિતા આજુબાજુમાં બેસેલા હતા ત્યારે સાંજના સમયે મારા પિતાના મોબાઈલ પર પૂનમનો ફોન આવ્યો હતો. પિતાએ ફોન રિસિવ કરીને વાતચીત કરતા હતા ત્યારે ખૂબ દુઃખી થઈ ગયા હતા. મેં પિતાને પૂછ્યું તો તેને કહ્યું કે, આ પૂનમ તારા લગ્નમાં આવીને ભવાડો કરીને મને સમાજમાં બદનામ કરવાની ધમકી આપે છે. વારંવાર ફોન કરી મિલકત તથા નાણા બાબતે અલગ અલગ માગણીઓ કરી મને હેરાન કરી દીધો છે. તારા લગ્ન થઈ જાય એટલે બસ, આ પૂનમ મને જીવવા નહીં દે અને હું તારા લગ્ન પછી તો આનો કોઈ રસ્તો શોધી કાઢીશ. મારાથી હવે જીવી શકાય એવી પરિસ્થિતિ નથી. હું હવે હારી ગયો છું. જેથી મેં મારા પિતાને ઘરપત આપી હતી. છતાં તેમણે લમણા પર ગોળી ધરબી દીધી હતી.

તુષારભાઇની ઓફિસની...

પૂનમબેનનું કોઈપણ પ્રકારનું દસ્તાવેજી આર્થિક રોકાણ ન હોવા છતાં તેઓ મેનેજિંગ પાર્ટનર તરીકે કાર્યરત હતાં અને નફામાં મોટો હિસ્સો મેળવતાં હતાં.

સ્મીમેરમાં સુરતના...

કરવાની માંગ સાથે શહેરના જાગૃત નાગરિક દ્વારા મેયર દક્ષેશ માવાણી સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી છે. રજૂઆતમાં સ્મીમેરમાં સ્થાનિક વિદ્યાર્થીઓનો હિસ્સો વધારી 70 ટકા કરવાનો પ્રસ્તાવ મુકાયો છે અને આ માટે ત્વરીતે મનપા ઠરાવ કરે તેવી પણ રજૂઆત કરી છે.

હાલમાં સ્મીમેરમાં કુલ 250 મંજૂર MBBS બેઠકો છે. રજૂઆત મુજબ હાલમાં સામાન્ય વર્ગમાં સ્થાનિક સુરતના વિદ્યાર્થીઓનું પ્રતિનિધિત્વ માત્ર 28 ટકા (250માંથી 70 બેઠકો) જેટલું છે. નોંધનીય છે કે અગાઉ 100 બેઠકોના સમયમાં 70 ટકા જેટલો સ્થાનિક ક્વોટા અમલમાં હતો, પરંતુ બેઠકોની સંખ્યા 250 થયા બાદ પણ સ્થાનિક વિદ્યાર્થીઓનો પ્રમાણ વધારવામાં આવ્યો નથી. રજૂઆતમાં જણાવાયું છે કે સ્મીમેરનું સંચાલન અને વિકાસ સુરત મહાનગરપાલિકાના બજેટથી થાય છે, જેનો મોટો હિસ્સો શહેરના કરદાતાઓ દ્વારા આપવામાં આવે છે છતાં શહેરના જ વિદ્યાર્થીઓને રાજ્યસ્તર અથવા રાષ્ટ્રીયસ્તરે સ્પર્ધા કરીને સીમિત બેઠકો માટે હરીફાઈ કરવી પડે છે, જે ન્યાયસંગત નથી. વાલી મંડળે રજૂઆતમાં બે મહત્ત્વપૂર્ણ સુધારા સૂચવવામાં આવ્યા છે. કુલ 250માંથી 175 બેઠક (70%) સુરત મહાનગરપાલિકાની હદમાં 10મું અને 12મું ધોરણ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓ માટે અનામત રાખવામાં આવે અને રાજ્યના સામાન્ય પુલમાં બેઠકો મોકલતા પહેલાં 70 ટકા સ્થાનિક ક્વોટાનો અમલ કરવો.

દમણ અને...

ત્યાં પણ લોકલ ક્વોટા 85 ટકા છે. જ્યારે સુરત આટલું મોટુ શહેર હોવા છતાં અહીંયા 28 ટકા જેટલો જ ક્વોટા છે. હવે તો 85 ટકા સીટ માટે પણ માંગ ઊઠી રહી છે.

ગણેશવાળાના બેંક...

ઓફિસમાંથી રૂ. ૮૦ હજારની રોકડ જપ્ત કરવામાં આવી છે. ઉપરાંત, ઘટનાક્રમ અને વાતચીતના પુરાવા મેળવવા માટે ઓફિસનું DVR કબજે લેવામાં આવ્યું છે અ ફરાર ઈજનેરની પત્નીની પૂછપરછ કરી બંનેના સંભવિત ઠેકાણાઓ પર દરોડા પાડવામાં આવી રહ્યા છે.

તોડબાજોનો ભોગ...

કહી પોતાની ઓફિસમાં બોલાવતો હતો. અધિકારી સાથેના ફોટો અને વાતચીત અને વોટ્સએપ ચેટ બતાવી વિશ્વાસમાં લેતો હતો. જે બાદ અધિકારી નામે મોટી રકમ ખંખેરી લેતો હતો. જેમાં અધિકારીને તેનો હિસ્સો ચૂકવી દેતો હતો. પરવાનાના ભોગ બનેલા સ્થાનિક પોલીસ કે SOG નો સંપર્ક કરે તો આગામી દિવસોમાં પરવાના વિરુદ્ધમાં ખંડણીના ગુનાઓ નોંધવાની શક્યતા છે. પરવાનાનો પણ પોલીસ ચિરાગ ગોટી જેમ ઘૂંટણીએ પાડવાની તૈયારી શરૂ કરી દીધી છે.

લિંબાયતની જેમ...

ચાલી રહ્યા છે. એટલા માટે આ બાંધકામો થઈ રહ્યા છે કે ત્યાં કોઈ જોનાર નથી અને નોટિસ આપીને ભ્રષ્ટાચારનો મોટો ખેલ ચાલી રહ્યો છે. આ ઝોનમાં મ્યુનિ.કમિ. દ્વારા ભાગ્યે જ વિઝિટ કરવામાં આવે છે. ઝોનનો વિસ્તાર ખુબ દૂર હોવાથી ત્યાંથી લોકો ફરિયાદ કરવા માટે પણ મનપાની મુખ્ય કચેરીએ આવતા નથી. આ ઝોનમાં ભાજપની આંતરિક જુથબંધી નથી કે નથી વિપક્ષ, જેને પગલે આ ઝોનમાં ચાલતો ભ્રષ્ટાચારનો 'મેળો' ઉજાગર થતો જ નથી. ખુદ મ્યુનિ. કમિ. દ્વારા આ ઝોન વિસ્તારમાં જો મુલાકાત લેવામાં આવે તો તોડપાણીના અનેક પ્રકરણો બહા